અંગ્રેજી વ્યાકરણ [ ભાગ 6 ] ગુજરાતીમાં

# Continuous Present Tense

## ચાલુ વર્તમાનકાળનાં પ્રશ્નાર્થક અને નકારવાચક રૂપો

www.shikshansahitya.in

પ્રશ્નાર્થક વાક્યો : -

વિધાનવાક્યોમાં જ્યારે પ્રશ્નાર્થક શબ્દ " **શું** "વાક્યની શરૂઆતમાં આવે છે ત્યારે **to be** ક્રીયાપદનાં રૂપો **am , is** , અને **are** કર્તા પ્રમાણે સર્વપ્રથમ મૂકવામાં આવે છેત્યાર બાદ કર્તાની અંગ્રેજી કરવામાં આવે છે, તેનાં પછી મુખ્ય ક્રીયાપદનું **-ing** વાળુ રૂપ મૂકવામાં આવે છે તેનાં પછી કર્મ અને અન્ય વાક્યો મૂકવામાં આવે છે

( 1 ) હું સફરજન ખાઉ છું.

**I am eating an apple.**

શું હું સફરજન ખાઉ છું ?

**Am I eating an apple ?**

( 2 ) રમેશ પોતાના પાઠ વાંચે છે.

**Ramesh is reading his lesson.**

શું રમેશ પોતાના પાઠ વાંચે છે ?

**Is Ramesh reading his lesson ?**

( 3 ) તમે વાર્તાની ચોપડી વાંચો છો.

**You are reading a story - book.**

શું તમે વાર્તાની ચોપડી વાંચો છો ?

**Are you reading a story - book.**

પરંતુ જ્યારે વિધાનવાક્યોમાં પ્રશ્નાર્થક શબ્દ **when** , **where** , **what** , **who** , **why** અને **how** વાક્યો ની વચ્ચે આવે તો સર્વપ્રથમ પ્રશ્નાર્થક શબ્દની અંગ્રેજી તેનાં પછી **to be** ક્રીયાપદનાં રૂપો **am** , **is** , અને **are** કર્તા પ્રમાણે મૂકવામાં આવે છેત્યાર બાદ કર્તાની અંગ્રેજી તેનાં પછી મુખ્યક્રીયાપદનું - **ing** વાળુ રૂપ અને ત્યાર બાદ કર્મ અને અન્ય વાક્યો મૂકવામાં આવે છે.

( 1 ) કાળા પાટીયા પાસે કોણ ઉભું છે ?

**Who is standing near the blackboard ?**

( 2 ) પેલા ખેડૂતો શું કરે છે ?

**What are those farmers doing ?**

( 3 ) અશોકનાં પિતા ક્યાં બેઠાં છે ?

**Where is Ashok's father sitting ?**

( 4 ) તમે શું ખરીદો છો ?

**What are you buying ?**

નોંધ : -

**Who** થી શરૂ થતા પ્રશ્નાર્થક વાક્યમાં પદોનો ક્રમ વિધાન વાક્યનાં પદોના ક્રમ જેવો જ હોય છે. માત્ર **who** કર્તાની જગ્યાએ હોય છે.

## નકારવાચક વાક્યો : -

ચાલુ વર્તમાનકાળનાં હકારવાચક વાક્યોને નકારવાચક વાક્યોમાં ફેરવવા માટે સર્વપ્રથમ કર્તાની અંગ્રેજી તેનાં પછી **to be** ક્રીયાપદનાં રૂપો **am** , **is** , અને **are** કર્તા પ્રમાણે મૂકવામાં આવે છે ત્યાર બાદ **not** અને તેનાં પછી મુખ્યક્રીયાપદનું - **ing** વાળુ રૂપ મૂકવામાં આવે છે ત્યાર બાદ કર્મ અને અન્ય વાક્યો ની અંગ્રેજી કરવામાં આવે છે.

( 1 ) હું વાર્તાની ચોપડી વાંચુ છું.

**I am reading a story - book.**

હું વાર્તાની ચોપડી વાંચતો નથી.

**I am not reading a story - book.**

( 2 ) રાજુ આજે આવે છે.

**Raju is coming today.**

રાજુ આજે આવતો નથી.

**Raju is not coming today.**

( 3 ) તેઓ પતંગો ચગાવે છે.

**They are flying kites.**

તેઓ પતંગો ચગાવતા નથી.

www.shikshansahitya.in

www.shikshansahitya.in